Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૬ · અંક : ૪૮ · તા. ૨૩ થી ૨૯ નવેમ્બર ૧૩ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## કલાકારની દિલેરી



કલાકારો દિમાગથી નહીં પણ દિલથી જીવેછે એતો બહુ જાણીતી વાત છે. પણ સામાન્ય રીતે કલાકારોને દાન કરીને દિલેરી બતાવવાની ઓછી મળે છે. પણ જ્યારે મળેછે ત્યારે તેવો હૃદયસ્પર્શી દ્રષ્ટાંતો આપે છે.

તાજેતરમાં જાણીતા ફોટોગ્રાફર વ્રજ મેસ્ત્રીને ગુજરાત ટૂરિઝમ ડેવલેપમેન્ટ કોર્પોરેશન દ્વારા યોજાએલ કચ્છ વિષયની ફોટોગ્રાફી હરીફાઈમાં રૂ. પચાસ હજારનું રોકડ ઈનામ પ્રાપ્ત થયું.

ઉપર પ્રગટ કરેલી તેમની આ તસ્વીરનું નામ છેઃ આશીર્વાદ! આ તસ્વીરમાં સાસુ બની ગયેલી એક સ્ત્રીનાં ખોળામાં અને બાજુમાં બાળક છે અને તેને તેની સાસુ આશીર્વાદ આપતી દેખાય છે. આ તસ્વીર ગ્રામ્ય જીવનમાં આજે પણ દબકતા. સંબંધોનો રણકાર સંભળાય છે.

મજાની વાત એ છે કે વ્રજ મિસ્ત્રી એ પોતાને મળેલ ઈનામની રક્કમ ફોટોગ્રાફી તથા આર્ટના વિકાસ માટે કામ કરતી પાંચ સંસ્થાઓને દરેકને રૂા. ૧૦,૦૦૦ પ્રમાણે વહેંચી દીધી છે, જે સંસ્થઓ છે ૧. નિહારિકા – અમદાવાદ ૨. કેમેરા કલબ ઓફ કર્ણાવતી ૩. ફોકસ, ૪. માનવ પ્રતિષ્ઠાન ૫. ગુજરાત વિઝ્યુઅલ આર્ટિસ્ટ એસોસીએશન.

છેને આ કલાકારની દિલેરીનું શ્રેષ્ઠ દ્રષ્ટાંત! કુમારે આ તસ્વીરને પોતાના નવેમ્બર ૨૦૧૩ના અંક નાં મુખ પુષ્ઠ પર ચમકાવી છે.

# પ્રથમ પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



જન્મ
તા.૨૨-૮-૧૯૪૦

અરિહંત શરણ
તા.૨૪-૧૧-૨૦૧૨

## ચંદુલાલ નાંગશી માણેકજી લોડાયા

(નાની ખાવડી - ડોંબિવલી)

સાદું, મહેનતી અને સત્કાર્યોમાં વિતાવ્યું જીવન,
હંમેશા કુટુંબ, સંઘ, સમાજ માટે વિચાર કરતું મન,
ધન્ય ... ધન્ય.... તમારું જીવન અને મરણ,
આપના દિવ્ય આત્માને શાંતિ મળે, અમારા કોટી કોટી વંદન.

### શ્રધ્ધા સુમન

| | | |
|---|---|---|
| માતા - પિતા | : | લીલબાઈ નાંગશી માણેકજી લોડાયા |
| ધર્મપત્ની | : | શાંતાબેન ચંદુલાલ લોડાયા |
| ભાઈ- ભાભી | : | નિર્મલા પ્રેમચંદ, વિજયા જયંતિલાલ,<br>ઉષા ભાઈચંદ, નયના કાંતિલાલ |
| બહેન - બનેવી | : | વિજયાબેન મણીલાલ ડાઘા,<br>ચંપાબેન મણીલાલ નાગડા,<br>સરલાબેન વિનોદકાંત મોતા |
| પુત્ર - પુત્રવધુ | : | મીના મહેશ, તેજલ હિતેન |
| દિકરી - જમાઈ | : | પ્રીતિ ગિરિશ મેઘાણી,<br>હિના હિતેશ ખોના |
| પૌત્ર | : | મીત, દીપ |
| દોહિત્ર | : | ગૌરાંગ |
| સાસુ - સસરા | : | મોતીબાઈ ત્રિકમજી જીવરાજ નાગડા |

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

વ્યવસ્થાપક :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશમીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 48/2013**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


## સમસ્ત જ્ઞાતિને મેડિકલેમ છત્ર હેઠળ આવરી લેવા વધુ સહકાર અને વધુ વિચારણા જરૂરી

*ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ પ્રેરિત શેઠશ્રી નરશીનાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા કોઈપણ જ્ઞાતિજન યોગ્ય મેડિકલ સારવાર વગર મુશ્કેલી ન અનુભવે તે માટે બધા જ્ઞાતિ મહાજનો અને સંસ્થાઓને પોતે પોતાના અધિકાર ક્ષેત્રમાં પોતાની રીતે કે અન્ય સમર્થન દ્વારા મેડિકલ છત્ર ન ધરાવનારા જ્ઞાતિજનો માટે જે યોજના કરી છે તેની જાણકારી મોકલી બધા જ્ઞાતિ મહાજનો સંસ્થાઓ મળી બધા જ્ઞાતિજનો મેડિકલ છત્ર ધરાવતા હોય તેવી સ્થિતી રાખવા અનુરોધ કર્યો છે. ટ્રસ્ટના મતે જો આવી સ્થિતી સર્જી શકીએ તો મેડિકલ સહાયનું ભારણ પણ ઘટાડી શકીએ.*

*સમસ્ત મહાજને મેડિકલ સહાય સહિતની બધી સહાય એક બારીએથી (સ્થાનેથી) મળે તે અંગે જે વિચારણા સત્ર રાખેલું એ પછી આ એ હેતુ માટેનું આસૌથી મહત્વનું પગલું છે અને તે માટે ટ્રસ્ટના સંચાલકો અભિનંદનના અધિકારી છે.*

*જોકે, સમસ્ત મહાજને જન્યુઆરી ૨૦૧૩ના અંતમાં જે વિચારસત્ર યોજેલું તે વખતે વીમા એજન્ટોથી માંડીને સમાજ સેવકોએ જ્ઞાતિજનો અને ખાસ કરીને જરૂરતમંદ જ્ઞાતિજનોને મોટી બિમારી વખતે લાચારી ભોગવવી ન પડે તે માટે જે સલાહ સૂચનો કરેલા તેના પ્રકાશમાં ટ્રસ્ટે કરેલી વિચારણા સમસ્ત મહાજને કરવા ધારેલ કામની નાની આવૃત્તિ જેવું પુનરાવર્તન છે.*

*આ બાબત સૌથી પ્રથમ તો જ્ઞાતિજનો એ જાણવા ઈચ્છશે કે સમસ્ત મહાજને બોલાવલે વિચારણા સત્રમાં કહેવાયું હતું કે બધા પ્રકારની સહાય એક બારીએથી (સ્થાનેથી) મળે તે માટેનું માળખું તૈયાર જેવું જ છે, તો તેને બદલે બધાને તબીબી વીમા છત્રમાં આવરવાનું વધારે યોગ્ય લાગતું હોય તો તે એકછત્ર હેઠળ કેમ નહીં?*

*મુંબઈ મહાજને પોતે સ્પોન્સર કરેલ એ સત્રમાં થઈ રહેલી ચર્ચા - વિચારણામાં ભાગ ન લીધો તેને કારણે આ બાબત જ્ઞાતિની શક્તિ એકત્રિત નથી થઈ શકતી અને જો મુંબઈ મહાજન પ્રેરિત સંસ્થાની સલાહ પ્રમાણે બધી જ્ઞાતિ સંસ્થાઓ ચાલે તો સમસ્ત મહાજન સાવ હાંસીયા બહાર ધકેલાઈ જાય, જે ઈચ્છનીય નથી.*

*મુંબઈ મહાજન પ્રેરિત ટ્રસ્ટ પોતાના ક્ષેત્રમાં જે કરે તેની માત્ર જાણ બીજી જ્ઞાતિ સંસ્થાઓને કરે એટલે સુધી કેમ? સમસ્ત મહાજને બોલાવેલા વિચાર સત્રમાં ભારપૂર્વક કહેવાયેલું તેમ સધ્ધર મહાજનો કે સંસ્થાઓ અન્યોને ટેકો આપે તેમ કેમ નહીં?*

*એ સત્રમાં એકાદ - બે વીમા એજન્ટોએ સૂચવેલું કે મેડીકલેમ કંપનીઓ પોતાને મળેલા પ્રીમીયમથી વધુ નહીં આપે એ બાબતનું શું કરવું?*

**ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષાની ઈ-મેલ આય.ડી બદલાય છે**
**હવેથી ઈ-મેલ** kdoprakash@gmail.com **પર મોકલાવા.**
Please Note New Email ID of C.D.O. Prakash Samiksha :
Email : kdoprakash@gmail.com

અન્ય સમુદાયોમાં પણ આ પ્રકારની વિચારણાઓ થાય છે. તેમાં નવા નવા ઘણા વિચાર ચાલ્યા કરે છે. દાખલા તરીકે નાની નાની હોસ્પિટલો ઊભી કરી ડોક્ટરોને તેમની કારકિર્દી ઘડતરમાં મદદરૂપ થવું, તેના બદલામાં તેમની પાસેથી જ્ઞાતિજનો માટે સારૂં એવું કન્સેશન માંગી લેવું વગેરે પણ વિચાર કરવા લાયક છે.

એવું ન થાય કે જ્ઞાતિની જરૂરતમંદોને મેડીકલ સહાય પહોંચાડવા સમસ્ત મહાજન અને મુંબઈ મહાજન કે તે પ્રેરીત સંસ્થા સમાંતર વિચારણા કરે અને જરૂરતમંદ જ્ઞાતિજનોની સ્થિતી હતા ત્યાંના ત્યાં જેવી રહે.

અલબત, મુંબઈ મહાજન પ્રેરીત ટ્રસ્ટના એ પત્રમાં માત્ર સુચન આપીને અટકી જવાયું છે, શક્ય છે સમસ્ત મહાજન એ બાબત વધુ આવશ્યક હોય તે યથા યોગ્ય રીતે કરે એવી અપેક્ષા હશે.

જોકે, એટલું જરૂર લાગે છે કે આવી મહત્વની બાબતો અંગે જ્ઞાતિ સંસ્થાઓમાં એકબીજા સાથે વિચાર વિનિમય અને સંવાદ વધે એ બાબત સમસ્ત મહાજને અસરકાક રીતે સક્રિય થવાની જરૂરછે.

**- ચંદ્રસેન મોમાયા**

**Article on Mango Girls was Excelent**

***- Hirachand Shah (Nagada) Ankleswar***

It proves our forefathers have that deep sense of responsibilities and abilities to maintain a good sense Of security for a female child. My sincere appeal and support to the message of Shri LAHERI Lodaya.

We are doing lot many activities where crores rupees are arranged and being utilized for temple, athithi gruh,samajwadi and other projects. Likewise this is also a good cause project, will employ a few families who wish to settle at Kutch.

The fruits of this dream project is excellent, our next generation will also appreciate our efforts and this will be Lifeline/ support to the needy families. There may be a thought.

Why to differentiate male & female child? Answer is Yes, this may be a support for any child and needy family/person can take help of this dream project.

My sincere appeal and request to KDO Mahajan and all social front performer , please give a thought to this small But appealing thought and make a BIG TREE, of this idea.

My heartiest congratulation to Laheri Lodaya to put such a good, thought process idea to our KDO Community. Once again request our dynamic president and his team and all social performers to boost this GOOD CAUSE.



## શેઠ શ્રી નરશી નાથા જૈન બાલાશ્રમ-નલિયા ના ભૂતપૂર્વ છાત્રો જોગ



**શેઠ શ્રી નરશી નાથા જૈન બાલાશ્રમ-નલિયા નાં ભૂતપૂર્વ છાત્રો જોગ નિવેદન છે કે, બાલાશ્રમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મેળાવો (જાન્યુઆરી/ફેબ્રુઆરી ૨૦૧૪ માં) યોજવાનું વિચાર છે. એમાં બહોળી સંખ્યામાં સામેલ થવા ભૂતપૂર્વ છાત્રોને આવાહન છે. છાત્રાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પોતાના નામો નીચેના સરનામે નોધાવવા વિનંતી છે.**

વિનીત

**કલ્પેશ માણેકજી મોતા**

**૨૦, કાપડિયા ચેમ્બર્સ, ૫૧, દેવજી રતનશી માર્ગ, મસ્જીદ (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૦૯.**
**ફોન : ૦૨૨-૪૪૨૨ ૯૧૦૦ (ડીમ્પલ ખોના)**

**સંપર્ક સમય**

**સવારના ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦**

## ચર્ચાને ચોતરે

વાચકોના સ્વતંત્ર મંતવ્યો

### કે.ડી.ઓ. હોપ ૧૦૦૦

શ્રી અનંતનાથજી ટ્રસ્ટ અનો મુંબઈ મહાજનશ્રીએ કે.ડી.ઓ. હોપ ૧૦૦૦ના વિકાસમાં રસ દાખવ્યો એ આપણી જ્ઞાતિ માટે ખૂબ ખુશીની વાત છે.

જાણવા મળ્યા પ્રમાણે કુલ જમીનનો ૩૦% ભાગ કે તેની એફ.એસ.ઓઈ જ્ઞાતિ માટે ઉપયોગમાં લેવાશે બાકીની ૭૦% જમીન કે તેની એફ.એસ.આઈનું લીલામ કરી તેની રકમ વગેર પલોટ ધારકોને અપાશે.

મારો મત છે કે આમ થવાથી જમીનનો મોટો ભાગ જ્ઞાતિના હાથમાંથી ચાલ્યો જશે તેમજ સામુદાયિક હોલ, શાળા અને અતિથિગૃહ વગેરે બાંધવા માટે પૂરતી જમીન ઉપલબ્ધ નહી રહે.

મારું માનવું છે કે આખી જમીન જ્ઞાતિ પાસે રહે તે માટે પ્રયત્નો થવા જોઈએ.

જે પ્લોટ સાધન સંપન્ન છે અને દાન આવી રહ્યા છે તેમની પાસેથી તેમના પ્લોટ દાનમાં મેળવવા જોઈએ. આવી રીતે પ્લોટ દાનમાં આપનારાઓના નામની તકતી યોજના કરી, તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ પ્લોટ હોલ્ડરોને પ્લોટના બદલમાં નિર્ધારિત એરીયાના ફ્લેટ લેવા સમજાવી શકીએ તો પણ ઘણી જમીન જ્ઞાતિ પાસે રહે.

અલબત્ત જે પ્લોટ ધારકો રોકડ રૂપે વ્યાજબી વળતર ઈચ્છતા હોય તો ટ્રસ્ટ તેના ફંડથી તેની વ્યવસ્થા કરી શકે છે, અલબત્ત ઓછામાં ઓછા રોકડ વ્યવહારથી આખો પ્લોટ જ્ઞાતિ પાસે રહે તે માટે પ્રયત્નો થવા જોઈએ.

કેટલાક દાનવીરો જરૂરતમંદ જ્ઞાતિભાઈઓ, માટેના ફ્લેટોની પડતર કિમંત આપવા તૈયાર છે, તેઓ એ પૈસા અગાઉથી આપી દે તો અનંતનાથજી ટ્રસ્ટ તરફથી આવનારા પૈસા અન્ય કામમાં ઉપયોગમાં લઈ શકાય.

દેરાસર અને ઉપાશ્રયના નિર્માણ મોટેનો ફાળો દાતાઓ તરફથી જ આવશે એટલે ટ્રસ્ટ તરફથી આવતા નાણા તે માટે ખર્ચવાની જરૂર નહીં પડે.

હોલ, સ્કૂલ, ડે કેર હોસ્પિટલ (નાની હોસ્પિટલ) અતિથીગૃહ, ગૃહઉધોગની જગ્યા




***શ્રી સ્વસ્તિક ગ્રુપ ના બીજા વર્ષનું પ્રથમ નજરાણું....!!***

આપ સૌને જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે શ્રી સ્વસ્તિક ગ્રુપ દ્વારા ઓયોજિત પ્રથમ નાટક '' મિચ્છામી દુક્કડમ '' ની ભવ્ય સફળતા બાદ ફરી વખત આપની સમક્ષ....

**શ્રી સ્વસ્તિક ગ્રુપ, ડોંબિવલી**

લાવી રહયુ છે...સામાજિક ગુજરાતી નાટક

**''વહુરાણી નંબર ૧''**

**સોમવાર તા. ૨૩-૧૨-૨૦૧૩ ના રોજ**

**સમય : સાંજે ૮.૩૦ થી ૧૧.૩૦**

**સ્થળ : સાવિત્રીબાઇ ફુલે હોલ, ડોંબિવલી (ઇ)**

**ટિકીટ દર : ૮૦/-, ૧૦૦/- તથા ૧૫૦/- રૂા.**

**સંપર્ક (ડોંબિવલી ઇસ્ટ)**

જિજ્ઞેશ લોડાયા, રામનગર - ૯૧૬૭૯૨૧૬૮૨

કવિતા ધુલ્લા, માનપાડા રોડ - ૯૬૧૯૩૧૨૩૧૩

**સંપર્ક (ડોંબિવલી વેસ્ટ)**

રાજીવ ધરમશી, ગાંવદેવી - ૯૭૭૩૦૯૮૬૪૮

અંબર ખોના, નવાપાડા - ૯૯૨૦૦૭૫૨૩૧

ગૌતમ ધુલ્લા, ગુપ્તે રોડ - ૯૮૧૯૫૩૮૧૮૯

**રાત્રે આવવા માટે બસની નિશુલ્ક વ્યવસ્થા કરવામાં આવેલ છે.**

બાંધવા માટેના નાણા પણ દાતાઓ પાસેથી એકત્ર કરી શકાશે.

જો બાંધકામ માટે યોગ્ય વ્યુહ રચના અપનાવવામાં આવે તો મારી ધારણા પ્રમાણે બહુ વધુ ભંડોળોની જરૂર નહીં પડે. અનંતનાથ ટ્રસ્ટના વર્તમાન ટ્રસ્ટીઓ અને મહાજનશ્રીની વર્તમાન ટીમ આ જરૂરત માટેના નાણા ઊભા કરવા માટે સક્ષમ છે.

જો આ કોલોનીનું ડીઝાઈનીંગ પ્રખર આર્કીટેકેટ પાસેથી કરાવવામાં આવે તો આપણા ભાઈ - બહેનોને આધુનિક ફ્લેટોમાં ઉચ્ચ જીવનશૈલી પ્રમાણે રહેવાની તક મળશે. આપણી ભાવિ પેઢીઓને પણ હંમેશ માટે ઊંચુ જીવન ધોરણ ઉપલબ્ધ થશે. જ્ઞાતિનો પણ વિકાસ થશે.

ટ્રસ્ટની મિલકતો ભાડે આપવાના બોધપાઠોને ધ્યાનમાં રાખી તેનું પુનરાવર્તન ન થવા દેવું જોઈએ. તેને માટે યોગ્ય કાનૂની તૈયારી કરવી જોઈએ. ટ્રસ્ટને પણ તેની મિલકતો માંથી વધુને વધુ લાભ મળવો જોઈએ તથા મકાનો પણ હંમેશા સારી હાલતમાં રહેવા જેઈએ.

મને આશા છે કે આખી જમીન જ્ઞાતિ પાસે રહે તે માટે આખી જ્ઞાતી પોતાની સઘળી શક્તિ કામે લગાડી જ્ઞાતિની આત્યાધૂનિક કોલોનીના સ્વપ્નને સાકાર કરવામાં સહયોગ આપશે.


***- હુબલી ૩૦-૧૦-૧૩ ચંદ્રકાંત પટેલ***

## ક.દ.ઓ. જિનાલયોને આંગી : સુશ્રાવક રાયચંદભાઈનું અનુમોદનીય કાર્ય

પ.પૂ. સા. શ્રી જયદર્શિતા શ્રીજી મ.સા. અને પ.પૂ.સા. શ્રી હિમાંશુ શ્રીજી મ.સા.ની પ્રેરણાથી સુશ્રાવક શ્રી રાયચંદભાઈ હંસરાજ ધરમશી પરિવારે અમારી ધુલીયા બોર્ડીગં મા બિરાજમાન શ્રી વાસુ પુજ્ય સ્વામી જિનાલય સહિત કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિનાં બધા જિનાલયોને આંગીની સામગ્રી ભેટ આપેલ છે. સુશ્રાવક પરિવારના આ સુકૃતની જેટલી અનુમોદના કરીએ તેટલી ઓછી છે.

બોર્ડીંગના સંચાલક મંડળ તથા વિદ્યાર્થીઓ તરફથી તેમનો આભાર માનતા હર્ષ અનુભવું છું. કાંતા ચંદ્રકાન્ત શાહ સેક્રેટરી ધુલિયા બોર્ડીંગ
**ધુલિયા** **તા. ૨૩-૧૧-૧૩**

## વેવાઈને શ્રધ્ધાંજલિ



**સ્વ. વીરચંદ લાલજી પટેલ (લોડાયા)**
**(સાંધવ - ગાંધીધામ)**
**અરિહંત શરણ : ૧૧-૧૧-૨૦૧૩**

**સંબંધે વેવાઈ છતાં રાખ્યો વડીલ જેવો ભાવ**
**આપના દેહાંતે શુન્યાવકાશ એવો પુણ્યપ્રભાવ**
**અરિહંતશરણે શાંતિપામો આત્માની સદગતિથાવ**
**માતુશ્રી પ્રેમીલાબેન સોમચંદ નાગડા પરિવાર**
**ગામ વાડાપધર, હાલ ઘાટકોપર**

## ઋણ સ્વીકાર

અમાર પરિવારના મોભી સ્વ. વીરચંદ લાલજી પટેલ (લોડાયા) (સાંધવ - ગાંધીધામ) ની ચિરવિદાય નિમિત્તે અંતિમ યાત્રામાં સહભાગી થઈ, રૂબરૂ મળી, ફોન કે મોબાઈલ દ્વારા સાંત્વના આપનારા સૌ કોઈનો આભાર
**માતુશ્રી જયાબેન વિરચંદ પટેલ (લોડાયા)**
**સમસ્ત પરિવાર (સાંધવ - ગાંધીધામ)**

## ૩૦મી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



**મધુ ચંદ્રકુમાર મેઘજીવેલજી મોતા**
**અરિહંત શરણ તા. ૨૨-૧૧-૧૯૮૩**

**હજુ સૌને યાદ આપનો પરગજુ સ્વભાવ**
**ત્રણ દાયકા પછી સ્મૃતિ તાજી એવો પુણ્ય પ્રભાવ**
**સદ ગતિ ને મોક્ષ પામો એવા અમારા ભાવ**
**જલ્પા વિજય વિકમશી (પુત્રી) સહ પરિવાર (દમણ)**

## "સૌનો સાથ સૌનો વિકાસ"

## વિશ્વભરમાં એક ગુંજછે ગરવી ગુજરાત રાજ્ય

### ગુજરાતના સૌથી આશાસ્પદ વિસ્તારો પૈકી એક ધોલેરા (SIR)

### A New Gujarat Within Gujarat DHOLERA Special Investment Region (SIR)

ધોલેરા S.I.R.બંદર બે દિલ્લી જેટલો વિશાળ મેઘા સિટી બનશે. ૧૬૮૪ કિ.મી. દરીયાઇ પટીમાં મોખરે અતિ મહત્વનું બંદરગાહ કાર્ગો હેન્ડલીગ એરપોર્ટ વિશાળ કાય અંતરાષ્ટ્રીય સુવિધા સાથે ઔધોગિક હબ સાથે ગ્રીન-કલીન પ્રદુષણ મુકત આરોગ્યપ્રદ સેન્ટર રહેઠાણ ધંધા રોજગારી ક્ષેત્રે ભારતવર્ષનું મહાકાય બંદર નિર્માણ પામશે ધોલેરા S.I.R. ૭ પેઢીથી પણ વધારે પરિવારની સુખ સુવિધા સાથેનું આકર્ષક શહેર

**કલ્પસર યોજનાનું નિર્માણ હાઇટેક ટેકનોલોજીથી થશે**

ભાવનગર-દહેજ વચ્ચે ૬૪ કિ.મી. નો સમુદ્ર સેતુ બાંધવાની યોજના

ધોલેરા ચીન-જાપાન ને પણ પાછળ રાખશે તેવું વિશાળ બંદરગાહ વિશ્વની નજરમાં નજદીકના ભવિષ્યમાં ઉભરી આવશે.

અમદાવાદ-ધોલેરા-ભાવનગર વચ્ચે એકસપ્રેસ વે બનશે

**રીયલ એસ્ટેટ રિયલી હાઇ રિટર્ન બીઝનેશ**

**ધોલેરામાં** (SIR) **મિની-ચીન તૈયાર થશે**

આપના વહાલસોયાનું જીવન બનાવવા અમારો પુર્ણ સહયોગ આપની સેવામાં તૈયાર છે.

**ધોલેરામાં મેગા ટાઉનશિપ આકાર પામશે**

આ પાયલટ પ્રોજેકટમાં રૂ. ૮,૫૦૦ કરોડના મુડીરોકાણનો લક્ષ્યાંક છે.

૨૦૧૨માં શરૂ થનારી આ યોજના ૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરાવાનો ઇરાદો સરકારનો હોવાનું જાણવા મળે છે.

**Invest in your Future @ Dholera SIR Special Investment Region**

ધોલેરા એસઆઇઆર ૩૬૦ ચો. કિ.મી.માં વિકાસ પામશે

ધોલેરા ખાતે ૭૫૦૦૦ એકર જમીન સંપાદન થઇ ધોલેરા વિશાળ ગ્રીનફિલ્ડ સિટી બનશે

**ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન**

સરકારે ધંધુકા અને બરવાળા તાલુકાના ૨૨ ગામોની ૪૩,૦૦૦ હેકટર જમીનને સ્પેશિયલ રિજિયનમાં ડિકલેર કરેલ છે અને તા. ૨ જુન ૨૦૦૯ના રોજ ગેઝેટમાં તેને નોટિફાઇ પણ કરાઇ હતી.

**જમીન અનામત રાખવા મહેસુલ વિભાગનો આદેશ**

ગાંધીનગર ટુ ધોલેરા મેટ્રો રેલ બે તબક્કામાં પૂર્ણ થશે

ફેઝ ૧ : ગાંધીનગર-અમદાવાદ

ઉત્તર-દક્ષિણ લાઇન : ગાંધીનગર-સાબરમતી - વિશાલા (૩૨.૬૫ કિ.મી.)

પૂર્વ-પશ્ચિમ લાઇન : કાલુપુર થી થલતેજ (૧૦.૯૦ કિ.મી.)

એલીવેટેડ મેટ્રો રેલ : ગાંધીનગર-અમદાવાદ-ધોલેરા

ફેઝ ૨ : અમદાવાદ-ધોલેરા

બગોદરા-વિશાલા-આર.ટી.ઓ. (૨૪.૫ કિ.મી.)

સરખેજ-ઇન્દ્રોડા (૩૨ કિ.મી.) સરખેજ-ધોલેરા (૭૦ કિ.મી.)

| | Phase I (2010-20) |
|---|---|
| Total saleable Area | 10,000 ha |
| Jobs | 2,07 lakh |
| Supported Population | 6.21 lakh |
| Housing | 1.18 lakh |
| Govt. Land | 2.200 ha |

**ધોલેરા સર : પ્રથમ તબક્કમાં દસ લાખ રોજગારીને તક**

Dholera SIR Bigger that the Biggest in the World

**N.A. NOC કમ્પલેટ**

(૧) આદીનાથ વાટીકા ૧૨૭ ચો. વાર ફકત જૈનો માટે. (કુલ્લે પ્લોટ ૪૮૮૮)

(૨) ઓરમવાટીકા ૧૨૭ ચો. વાર સમસ્ત સમાજો માટે. (કુલ્લે પ્લોટ ૧૦૦૦૦)

(૩) આર્યન વાટીકા ૧૦૦ ચો. વાર ઇનામ વાડી યોજના સમસ્ત સમાજો માટે. (કુલ્લે પ્લોટ ૩૮૮૦)

**જે. એમ. પી. સી. બિલ્ટ લાઇન અમદાવાદ ના ઓથોરાઇઝ બુકીંગ એજન્ટ**

MPC BUILTLINE (An ISO 9001-2008 certified Company)

## શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરીવાર) ગાંધીધામ (ભારત વર્ષ)

જે આપની તમામ સહાયતામાં સદાય મોખરે છે અને રેહેશે.

અમારી વેબસાઇટ ના માધ્યમથી જાણો અને માણો : **www.dadabhalara.in**

સારા રીર્ટનની ગેરંટી સાથે ૩૭ એમોનીટીયઝ સાથે કવાલેટી વર્ક

# દીકરીને પિતાના પત્રો : સંસ્કાર સંહિતા

**તંત્રી નોંધ :** દીકરીને સંસ્કાર આપવાની જવાબદારી - સાસરે દૂધમાં સાકર ભળે તેમ ભળી જાય તેવી રીતે ઉછેરવાની જવાબદારી માતા- પિતાની છે; એ વાત ધ્યાનમાં રાખી, દીકરીને સાસરે વિદાય આપતી વખતે આપવાની સલાહ અંગે **લેખક - વિચારક તુષાર શકલે** જે લખ્યું, તે **સંસ્કાર સંહિતા** નામે સંગ્રહિત કર્યું, તેના ૩૮મા પત્રમાં પિતાએ અગાઉ કહેલ બધી વાતનો, બધા પત્રોનો... આખા પુસ્તકનો સાર આપી જાય છે. પ્રસ્તુત છે એ સાર તુષારભાઈના નિવેદન સાથે.

**સંસ્કાર સંહિતાના પત્રોના લેખક તુષાર શુક્લનું નિવેદનઃ**

કન્યાવિદાયની કરુણમંગલ ક્ષણ વિષે કેટલું લખાયું છે... ને લખાયું એથી વિશેષ અનુભવાયું છે. એમાં વળી એક પુસ્તક શાને?

આવી જ ક્ષણો જીવવા મળ્યાનું સૌભાગ્ય શબ્દસ્થ તો મળ્યું હતું પણ પુસ્તકસ્થ બન્યું પ્રિય સુરેશભાઈના સ્નેહવશ.

મને તો શ્રધ્ધા છે કે દ્વારેથી દીકરી વિદાય થઈ હશે અને જે દરવાજે એણે ઉંબર ઓળંગીને ગૃહપ્રવેશ કર્યો હશે એ બંને ઘર આ પ્રસંગનો મહિમા અનુભવતા જ હશે.

**વનિતા**



**વિશ્વ**

દરવાજે ચીતરેલા લાભ-શુભ, કંકુ પગલાં, બારસાખાનું તોરણ, આંગણાનો ચંદરવો ને માણેકથંભ ને ભીંતો શોભાવતા થાપાના અશબ્દ ભાવનું શબ્દસ્થ રૂપ આપને જે કહેવું છે તે કહી જશે.

આ પત્રો ભલે પુત્રીને સંબોધાયા હોય પણ એ છે તો સહુને માટે... શ્વસુરગૃહના સહુને ય એ એટલા જ સ્પર્શવાના... કારણ, જે આજે સાસુ છે, જેઠાણી છે, નણંદ છે, એ દીકરીય છે કોઈની...

તમે જે નથી કહી શક્યા એ કહેવાનું હું નિમિત્ત બન્યો એ મારો આનંદ!

**।।શ્રી અનતનાથાય નમઃ।।   ।।શ્રી મોમાઈ માતાય નમઃ।।   ।।શ્રી સુરાપુરા દાદાય નમઃ।।**

## શ્રી ડાઘા - માલદે ખેરાણી - દલતુંગી પરિવારના કુળદેવી
## શ્રી મોમાઈ માતાજીની સાતમી પહેડી

**સહર્ષ જણાવવાનું કે શ્રી મોમાઈ માતાજીની પહેડી પ્રસંગે તમામ ભાવિકો તેમજ નિયાણી બહેનો અને દીકરીઓને સપરિવાર સ્નેહ નીતરતું નિમંત્રણ છે.**

**શુભ દિવસ : પૌષ વદ ત્રીજ રવિવાર તા. ૧૯.૦૧.૨૦૧૪**
**શુભ સમય : સવારના ૦૭.૦૦ થી સાંજના ૦૭.૦ કલાકે**
**શુભ - સ્થળ : શ્રી મોમાઈમાં કુપા વાડી, પ્રાઈડ પાર્ક, લોકિમ કંપનીની સામે ખાર મોલની બાજુમાં, માનપાડા, ઘોડબંદર રોડ, થાણે (વે)**

**પહેડીના લાભાર્થી : માતુશ્રી લક્ષ્મીબાઈ કરમશી ઘેલાભાઈ માલદે પરિવાર**

**વિશેષ નોંધ : ૧.** વૈશાખ સુદ સોમવાર તા. ૫-૫-૧૪ ના સ્થાનિકે દલતુંગી મુકામે શ્રી મોમાઈ માતાજીના ધ્વજાનો કાર્યક્રમ નક્કી થયેલ છે, તેના ચઢાવા પહેડી દરમ્યાન બોલવામાં આવશે તથા ધોતના કાર્યક્રમની શરૂઆત થશે. **૨.** ભાવિકોને સમયસર હાજર થવા તથા ચામડાની ચીજ વસ્તુ અને કાળા વસ્ત્રો પહેરીને ન આવવાની વિનંતી છે. **૩**. પાસ થયેલ દરેક વિદ્યાર્થીઓને તેમનાં નામ અને ધોરણ વર્ષાબેન મો. ૯૯૨૯૭૮૩૬૨૭, ભાવિનીબેન મો. ૯૮૬૭૪૨૦૯૪૪ ને સમયસર લખાવવા નમ્ર વિનંતી છે. **૪.** પહેડીના સ્થળે આવવા માટે થાણા સ્ટેશનથી બસ નંબર : ૫૦,૫૧,૫૨,૫૩,૫૪,૫૫,૫૬,૫૮,૬૦,૬૨

## પંદર ચાવીનો ઝૂડો
## સંબંધને રાખશે રૂડો

બેટા, દાંપત્યજીવનને સમજવા માટે વિગતે કરેલી વાતો તને અવશ્ય કામ આવશે. આમ છતાં તમારા અભ્યાસક્રમની જેમ જ પાઠ્યપુસ્તક પછી આરામખુરશીમાં બેઠા બેઠા નજર ફેરવી જઈ, ટૂંકમાં જ યાદ કરાવવા આ પુનરાવર્તન કરું છું.

**વહાલ :** દાંપત્યનો, આરંભ પ્રેમથી થાય. એણે વહાલ સુધી વિસ્તરવું પડે. પ્રેમ ઉર્ધ્વગામી બને ત્યારે વહાલ થઈને વરસે. પ્રેમ માગે છે, વહાલ વરસાવે છે. પ્રેમમાં સ્મૃતિની પીડા છે. વહાલમાં વિસ્મૃતિ જ નથી હોતી. પ્રેમમાં પ્રાપ્તિની ઈચ્છા છે. વહાલમાં હોવાનો આનંદ છે. પ્રેમ બાંધે છે, વહાલ વહેતાં રાખે છે.

**વિશ્વાસ :** વિશ્વાસ વડ જેવો છે. વડ વધે છે ત્યારે વડવાઈને મૂળ બનાવે છે. વિશ્વાસ પણ ધીમે ધીમે મૂળ નાખીને વધે છે. શ્રદ્ધા જન્મે છે, વિશ્વાસ કેળવવો પડે છે.

**સખ્ય :** દાંપત્યનો પર્યાયવાચી શબ્દ છે સખ્ય. મિત્રતા, મૈત્રી, સખ્ય એ દાંપત્યનો પ્રારંભ નથી, પ્રાપ્તિ છે.

**સંયમ :** ધીરજના વૃક્ષને ફળ મોડા આવે, પણ મીઠાં આવે છે. ઉતાવળથી અકસ્માત થાય. સિગ્નલ સાચવો તો સલામત રહેવાય.


**સંવાદ :** સંબંધનું મૂળ સંવાદમાં છે. અશ્વત્થામા મરાયો એમાં અશ્વત્થામા હાથી હતો કે દ્રોણપુત્ર એની સ્પષ્ટતા પરિણામ બદલી શકે. સંવાદ એ કલા છે. શું બોલવું કેમ બોલવું, શું ન બોલવું કેમ ન બોલવું એ વિવેક જરૂરી છે.

**સાંનિધ્ય :** સંવાદ માટે સાંનિધ્ય, સાંનિધ્યને આનંદમય બનાવે સંવાદ. સાન્નિધ્ય એટલે અનુકુળ ઉપસ્થિતિ નહીં, એકમેકમાં ફોરમતું હોવું. સાનિધ્ય એટલે પ્રત્યક્ષ હાજરી જ નહીં, પત્ની કે પતિની ગેરહાજરીમાં ય એને અણગમતું ન કરવાનું મન, એ સાન્નિધ્યની જ સ્થિતી જોનાર બહાર નહીં, ભીતર જ છે એની ખાતરી.


**અંતર :** અંતર વચ્ચેના અંતરને ઓળખવું, જાળવવું, એનો આદર કરવો ને આવશ્યક હોય ત્યાં ઓગાળવું તો જ ઘોષનો પ્રતિઘોષ સાંપડે. બ્રેક મારવાથી વાહનને સલામત અંતરે રોકી શકાય એ જ સાચી સ્પીડ!

**સૌંદર્યબોધ :** દાંપત્યની આ ઉપેક્ષિત બાજુ છે. કૃત્રિમ નહીં, સહજ લાગે તેવું સમયસરનું, પ્રમાણસરનું, વિવેકસરનું અને Appriciation હા, અન્ય દ્વારા થતાં વખાણની ઈર્ષ્યા નહીં. એનું ગૌરવ અનુભવો. ઉંમર તો વધવાની જ ને વય સહજ ફેરફાર પણ થવાના. આવા સમયે અરીસાને બદલે એકમેકની આંખોમાં જોવું. ગમતી ક્ષણ


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
• સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯
સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676

Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881
ગુરૂવાર બંધ

# પ્રથમ પુણ્યતિથીએ પુષ્પાંજલી



( રંગપુર - જામનગર ) ( મલાડ - મુંબઈ )

## સ્વ. શ્રી જેઠાલાલ ડાહ્યાલાલ ખોના

**અરિહંત શરણ : ૨૬-૧૧-૨૦૧૨**

આપની વસમી વિદાયને એક... એક... દિવસ કરતાં એક વર્ષ વિતી ગયું...
છતાં... પ્રત્યક્ષ આપ અમારી સાથે જ છો એમ લાગે છે...
જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે... કર્મ એવા કર્યા કે સૌનાં હૃદયમાં ગુંજ્યા કરે...
દુ:ખથી કદી ડર્યા નહી... સુખથી કદી છલકાયા નહી...
વ્યવહાર કદી ચુક્યા નહી... ધર્મ કદી ભુલ્યા નહી...
સૌના હૃદયમાં વસતા રહ્યા... આપની હયાતી અમારી પ્રેરણા હતી અને રહેશે...
આપનાં આદર્શ અમારા માર્ગદર્શક હતા અને રહેશે...
છે આપનાં ઉજળા સંસ્કારોનાં સંભારણા,
પરિવારમાં વહે છે આપનાં આદર્શોનાં અમી ઝરણાં

**પ્રથમ પુણ્યતિથીનાં અવસરે ભીનાશભરી આંખોથી હૃદયભીની શ્રદ્ધાંજલી...**

### તમારી યાદમાં વ્યથિત...

પત્ની : ગં. સ્વ. સુશીલાબેન જેઠાલાલ ખોના

❖ પુત્રવધુ - પુત્ર ❖

શ્રીમતી નમ્રતાબેન અજય ખોના ❖ શ્રીમતી પ્રિતીબેન રાકેશ ખોના

❖ દિકરી-જમાઈ ❖

શ્રીમતી નિલમબેન વિજય લાપસીયા ❖ શ્રીમતી ભાવિનીબેન હેમલ માલદે

પૌત્ર-પૌત્રી : ચિ. કિંજલ, ઊર્વિલ, સ્મિત ❖ દોહિત્ર-દોહિત્રી : ચિ. હર્ષ, પલક, પાર્થ

**સ્વ. માતુશ્રી પ્રેમાબેન ડાહ્યાલાલ ત્રિકમજી ખોના પરિવાર**

**સ્વ. માતુશ્રી માનબાઈ નેણશી નરશી દંડ પરિવાર**

ત્યાં સ્થિર થઈ ગયેલી મળશે. દરિયાકાંઠે ભરતી કરતાં વધુ નુકસાન ઓટથી થાય છે. ઓટ સમયે ભરતીની સ્મૃતિ સમૃદ્ધ હોય છે.

**કાળજી :** દાંપત્યમાં Sex and Care બંને મહત્વના - કામ અને કાળજી. હાથમાં હાથમાં હાથ એ સ્પર્શ અને કાળજી. હાથમાં હાથ એ સ્પર્શ અને સાંનિધ્ય બંનેનું પ્રતીક છે. કાળજી અને કચકચમાં ફેર છે. કાળજી એટલે અન્યની સ્વતંત્રતાના આદર સાથે ચિંતા.

**આદર :** કોઈ પણ સંબંધને ઉછેરનારું પ્રાણતત્વ છે આદર. જીભ જન્મથી જ મળે છે, પણ બોલતાં બહુ થોડાને આવડે છે. આદર અરસપરસ છે. આદર ઈચ્છો તો આદર આપો. આત્મસન્માનને ઠેસ પહોંચે તો હૃદયમાં રહેલી સ્નેહમૂર્તિ પણ ખંડિત થાય છે ને ખંડિત મૂર્તિની પૂજા નથી થતી!

**સમજણ :** દાંપત્યનો પાયો સમજણ છે. સમજણ એ પ્રેમનું પુખ્ત રૂપ છે. એકમેકને પામી જવાને બદલે, સમજવાનો પ્રયત્ન કરવો. તો રસ ટકે, ને રસ ઘટે તો ય દાંપત્ય ટકે છે. શોધવામાં જાસૂસી છે, શંકા છે, અવિશ્વાસ છે. શોધ નવાની સારી, ખોવાયેલાઓની ખોટી સમજણ માટે ઉદારતા જોઈએ. સમજદાર જ્યાં શાંત રહે છે, અણસમજુ ત્યાં જ બોલે છે. દાંપત્ય એટલે સમજણનો સથવારો. દાંપત્ય એટલે સમજણભર્યો સથવારો. સાથીને ખોલો નહીં, ખીલવા દો.

**જવાબદારી :** દાંપત્ય બિનજવાબદારીનું ક્ષેત્ર નથી. દાંપત્ય એ પાર્ટટાઈમ નહીં, ફૂલટાઈમ જોબ છે. શાહમૃગવૃત્તિથી દાંપત્ય ન જિવાય. સમજદારી ને જવાબદારી એ બંને બહેનો છે.

**ના કહેવાની કળા :** દાંપત્યને સ્વસ્થ રાખવાની આ મહત્વની ચાવી છે. જોડે ઢસડાવા અને સંગાથે ચાલવામાં ફેર છે. અણગમો અભિવ્યક્તિ કરતાં ય આવડવો જોઈએ. એને માટેના શબ્દો, શૈલી ને સમયની પસંદગી સાચી જોઈએ.

**અહંકાર :** દાંપત્યનો પરમ શત્રુ છે. દરેકના મનમાં એ રહે છે. એ જાગે તો ભોગ માગે છે.

**સ્વીકાર :** દાંપત્યનો પરમ મિત્ર છે. તેનો સસ્નેહ સાદર સ્વીકાર સ્વીકાર હશે તો સંઘર્ષ જશે

## ક.દ.ઓ. જખૌ મહાજન

## સ્નેહ મિલન

## હાર્દિક આમંત્રણ

જખૌના જ્ઞાતિજનો અને નિયાણી બહેનોને સ્નેહ મિલનમાં સપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ.

**દિન : રવિવાર તા. ૨૨-૧૨-૨૦૧૩**

**સમય : બપોરના ૩.૦૦ થી ૬.૦૦**

**સ્થળ : શેઠશ્રી નરશીનાથા સભાગૃહ અનંત સિધ્ધી, ભાંડુપ**

### નિમંત્રક

**જખૌ મહાજન**
**વ્યવસ્થાપક સમિતિ**

**મહાજન ફંડમાં ઉદારદિલે સ્વૈચ્છિક ફાળો નોંધાવવા વિનંતી**

## આગામી કાર્યક્રમો

### નલીનપુર નારી નિગમ

નલીનપુર નારી નિગમ દ્વારા દેશમુખ ગાર્ડન, મહાત્મા ફુલે રોડ, મ્યુનિસિપલ હોસ્પિટલની બાજુમાં - મુલુંડ (ઈ) તા. ૩૦-૧૧-૨૦૧૩ના શનિવાર સમય : બરાબર - ૪.૦૦ વાગે. સહુ મેમ્બર્સ માટે મજાની રમતગમતો અને ખાણી - પીણીનો મીજબાનીનું આયોજન કરાયું છે.

### લાલછતા પીરની પહેડી

સાંધવ ગામના શ્રી લાલછતા પીરની પહેડી પ્રસાદ તા. ૨૦-૦૪-૧૪ સવારના ૧૦ કલાકે ભાડુંપ - નરશીનાથા હોલ અનંતસિદ્ધિ મધ્યે રાખેલ છે.

### વાછરા દાદાની પહેડી

સાંધવ ગામના શ્રી વાછરાદાદાની પહેડી પ્રસાદ તા. ૨૦-૪-૧૪ સાંજના ૪ કલાકે જૈનમ હોલ ભાંડુપ મધ્યે રાખેલ છે.

# સફળ કારકીર્દી માટેની સરળ સાદી સપ્તપદી

**તમો સફળ કારકિર્દી ઈચ્છો છો? હા તો અહીં આપેલી થોડી સાદી અને સરળ રીતોને અનુસરોઃ**

***- સંકલન .... ડૉ. ઠાકરશી ગોવિંદજી મૈશેરી***

સફળતાના અનેક પાસાંઓ છે અને એની ચર્ચા સદાબહાર હોય છે. દરેકને સફળ તો વહાલી છે. પણ કમનસીબે કે સદનસીબે એ હમ હોંગે કામયાબ એક દિન ગાવાથી અને મનમે હે વિશ્વાસ પૂરા હે વિશ્વાસ દોહરાવવાથી મળતી નથી. સફળતા મળે છે આવડત, સાધનો અને આત્મવિશ્વાસના યોગ્ય મિશ્રણથી. આ ત્રણમાં ક્રિએટીવીટી ઉમેરો તો સફળતાની શક્યતાઓ ખૂબ જ વધી જાય છે.

**૧. નિયમિત્તા :** તમે વ્યવસાયના સ્થળ પર નિયત સમયે હાજર રહો. મોડા પડવાનું ટાળવા ઘરેથી નિયત સમય કરતાં વહેલાં નીકળો. મહાન નેલ્સને કહેલું કે મારા કામના સ્થળે હંમેશા હું પંદર મિનિટ વહેલો હાજર થાઉં છું. આ ટેવને લીધે હું માણસ બન્યો છું. નિયમિતતા દ્વારા તમારા સહકાર્યકરો માટે તમે આદર્શનો નમૂનો બનો છો, અટલું જ નહીં પણ નિયમિત રહી શકાય છે તેનો દાખલો પણ તમે પૂરો પાડો છો.

તમારી સંસ્થાનું કામ કરવામાં તમને જે સમય આપવામાં આવે છે તેનો યોગ્ય પ્રમાણમાં તમે ઉપયોગ કરો છો તે જોઈને તમારા અધિકારીઓ પણ તમારા ઉપર ખુશ રહેશે.

**૨. વ્યવસાય જ્ઞાન :** જે કામ ધંધો તમે કરો છો તેની સઘળી માહિતી તમારે મેળવી લેવી જોઈએ. અપૂરતા જ્ઞાનને લીધે મનમાં મુંજવણ અને અસ્થિરતા ઊભી થાય છે. પૂરતા પ્રમાણમાં પોતાના ધંધાનું જ્ઞાન હોવાથી આત્મવિશ્વાસ ઉદ્‌ભવે છે. તમારા કાર્યનું પુરું જ્ઞાન મેળવી લીધા પછી પણ કેટલીક વાર સંશય જાગે પણ શરમાશો કે ગભરાશો નહીં તુરંત સાથી કાર્યકરોનો કે ઉપરી અધિકારીનો સંપંર્ક કરો.

બુધ્ધિ અટકે છે જેથી ભૂલ તુરત કબુલ કરો ફરી એવી ભૂલ ન થાય તે માટે કાળજી રાખો. યાદ રાખો કે ભૂલોથી જ આપણે કાંઈક શીખી શકીએ છીએ. એજ આપણો ઉત્તમ શિક્ષક છે. સર લાયનસ હોલ કહે છે. દરેક માણસ ભૂલ કરે છે. કેવળ મુર્ખ માણસ તે ભૂલી જાય છે. તમારી ભૂલો સામે હસવાનું ભુલશો નહીં. આમ કરવું કેટલીકવાર તમને કઠણ લાગશે પણ તે તમને ઉપયોગી નીવડશે કારણ કે તેની પાછળ રોગનિવારક છુંપુ રહસ્ય છે.

**૩. સ્વચ્છતા અને સુઘડતા :** તમારા ટેબલ ઉપરની વસ્તુઓ સ્વચ્છતાથી ગોઠવો. સુઘડ ટેબલ વ્યવસ્થા, કાર્યદક્ષ પ્રતિછાયા છે. એક લેખકે કહ્યું છે કે મને માણસ બતાવો અને તેનું ટેબલ બતાવો અને તે કેવો માણસ છે તે હું તમને કહીશ.

**૪. સારી રીતભાત અને વિવેક :** ભણતર કેટલું છે, સદગુણો ક્યા છે એ વિષે લોકો સમાજમાં પૂછતા નથી પણ વિવેકી અને સારી રીતભાતવાળી વ્યક્તિ આપમેળે જ પોતાની સારી છાપ ઉપસાવી શકે છે. કોપીબુકમાં આપણે ઘુંટતા હતા કે રીતભાત માણસને ઘડે છે. તમારા ઉપરી અધિકારીઓને સર શબ્દોનો ઉપયોગ કરતા અચકાશો નહીં. આભાર અને માફ કરજો. સોરી અને કંઈ વાંધો તો નથી ને? .... જેવા શબ્દોનો ઉપયોગ દ્વારા તમને સારો સહકાર પ્રાપ્ત કરી શકશો.

**૫. નવી કામગીરી :** જ્યારે કોઈ નવી કામગીરી તમને સોંપવામાં આવે ત્યારે ખચકાયા વગર તે સ્વીકાર લો. પાછલી કામગીરીમાં મેળવેલી સફળતાને આધારે તમે નવી કામગીરીમાં જણાતી ગભરામણ પર વિજય મેળવી શકશો. ભૂતકાળમાં સાંપડેલી સફળતા ભવિષ્યની સફળતાની ચાવી છે.


શુભેચ્છાસહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.



શુભેચ્છાસહ.....

*Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404

## કે.ડી.ઓ વેલ્ફર એસોસીએશન સામાજિક સુરક્ષા યોજનાનો લાભ લેવા અનુરોધ

છેલ્લા ૨૪ વર્ષથી ચાલતી સામજિક સુરક્ષા યોજનામાં આજ સુધી ૯૨૨૫ જ્ઞાતિજનો જોડાયા છે, તેમાંથી ૨૫૨ સભ્યો અવસાન પામતાં તેમના નોમિનીને લાભાંશ ચૂકવાયો છે.

આજ સુધીમાં ૨૧૦૬ સભ્યો રીટાયર થયા છે. બોનસ પાત્ર રીટાયર સભ્યોને પણ બોનસ ચૂકવવામાં આવી રહ્યું છે. ઓક્ટોબર અંત સુધીમાં લગભગ બધાના ચેક રવાના થઈ જશે.

મુંબઈ - નવી મુંબઈ - થાણા જીલ્લાના વિસ્તારના રીટાયર સભ્યોને બોનસના ચેકનો વિતરણ પુર્ણ થવા આવ્યું છે. હજુ સુધી આ વિસ્તારના રિટાયર સભ્યોને બોનસના ચેક - પરિપત્ર ન મેળ્યા હોય તો ઈમેલઃ kdosss@yahoo.com પર અથવા મોબાઈલ નં. ૮૯૭૬૦૭૮૩૦ (દિપક ડાઘા) નો સંપર્ક સાધવા વિનંતી છે.

બહારગામના ચેકોનું વિતરણ હુબલીથી શ્રી પદમકુમાર ધનજી નાગડા તથા શરદ હેમરાજ મોમાયા દ્વારા થઈ રહ્યું છે. બહારગામના કોઈ રીટાયર સભ્યોના સરનામા બદલાઈ ગયા હોય તો ઈમેલ kdosss@yahoo.com પર અથવા મોબાઈલ નં. ૯૪૪૮૦૧૦૩૦૭ પર પદમકુમાર નાગડા, હુબલી નો સંપર્ક કરવા વિંનંતી.

રૂા. ૨૨૦૦/- ભરી ૫૩ વર્ષની વય સુધીનાં જ્ઞાતિજનોને આ યોજનાનો લાભ લેવા વિનંતી છે. ૫૫ વર્ષ સુધીમાં સભ્યનું અવસાન થાય તો નોમિનીને રૂા. ૭૫,૦૦૦/- તથા અકસ્માતથી અવસાન થાય તો વધારાના રૂા. ૭૫,૦૦૦/- અપાય છે અને ૫૫ વર્ષની વય બાદ સભ્ય રીટાયર થતાં તેમને ડીપોઝીટની રકમ કેટલો વખત જોડાયેલ રહ્યા તે અનુસાર ૨૫% થી ૧૦૦% સુધી બોનસ સાથે પરત અપાય છે.

દર વર્ષે લગભગ ૧૦થી ૧૫ સભ્યોના અવસાન થતાં તેમને મળતા લાભાંશમાં પરોક્ષ રીતે દરેક સભ્યને પણ સાધાર્મીક ભક્તિનો લાભ મળે છે.

વધુ માહિતી માટે તથા સભ્યપદ ફોર્મ મોટે સંપર્ક માટે : દિપક ડાઘા, મુલુંડ મો. ૮૯૭૬૦૭૮૩૦ અથવા પદમકુમાર નાગડા, હુબલી મો. ૯૪૪૮૦૧૦૩૦૭ ઈમેલ : kdosss@yahoo.com

### સફળ કારકીર્દી ૧૨ માં પાના થી ચાલુ

**૬. હંમેશા સર્વોત્તમ :** તમારી કારકિર્દીની શરૂઆતમાં જે સંસ્થાએ તમને તમારી બુધ્ધિ, નેતૃત્વ અને જવાબદારી સ્વીકારવાની ભાવના કેળવી છે. તેને માટે તમારૂં સર્વોત્તમ જ આપો. ગપ્પાં મારીને તમારા સહ કાર્યકરોના ટેબલ પાસે આમ તેમ ફરશો નહીં. તેમ કરવાથી તેમના કાર્યમાં તમે ખલેલરૂપ થશો અને તમારો પણ સમય બગડશે.

**૭. સમયનો સદ્ ઉપયોગ :** સંસ્થાના કામમાં હેતુપૂવર્ક તમારો સમય વ્યતિત કરો. પીટમેને કહ્યું છે કે સમયની યોગ્ય ગોઠવણી એ દરેક વ્યક્તિની માનસિક શક્તિઓનું ઉત્તમ પ્રતીક છે. વિતેલો સમય પાછો આવતો નથી. કાર્ય જે આજે કરવાનું છે તેને આવતી કાલ ઉપર મુલતવી રાખવાથી ભયંકર પરિણામો સર્જાર્યા છે તે ભુલશો નહીં.

ઉપરના સિદ્ધાંતો ને અનુસરીએ તો સફળતા સરળતાથી હાંસલ થશે. મહાત્મા ગાંધીએ કહ્યું છે કે સફળતા કે નિષ્ફળતા આપણા હાથની વાત નથી. આપણે તો પ્રયત્ન (પુરુષાર્થ) કરવાનો છે. ફળ આપવું તે ઈશ્વરના હાથમાં છે.

### વર્ષ ૨૦૧૩ના ચોમાસામાં કચ્છમાં કુલ પડેલ વરસાદના આંકડા

અબડાસા તાલુકાના મુખ્ય મથકે નલિયામાં ૩૪૦ મિ.મિ. અને પાછળથી ૧ ઈંચ જેવો, માંડવી તાલુકાના મુખ્ય મથકે ૬૨૨ મિ.મિ., મુન્દ્રા તાલુકા મથકમાં ૯૪૦ મિ.મિ., ભચાઉ તાલુકા મથકે ૮૯૬ મિ.મિ., રાપર તાલુકા મથકે ૮૪૦ મિ.મિ., અંજાર તાલુકા મથકે ૭૭૭ મિ.મિ., ગાંધિધામ તાલુકા મથકે ૭૫૭ મિ.મિ., ભુજ તાલુકા મથકે ૪૭૧ મિ.મિ., નખત્રાણા મુખ્ય મથકે ૩૩૦ મિ.મિ., લખપત તાલુકાના મથકે દયાપરમાં ૧૭૪ મિ.મિ.,

પશ્ચિમ કચ્છમાં જુન થી ૨૫ સપ્ટેમ્બર સુધી અછતના ઓળા ઝળૂંબતા હતા.


અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786



**મરમજા મોતી :** બે પંક્તિમાં અંકિત
કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૪૦)
- **સોમ ધરમશી** (કચ્છ)-09726776627

## મરમ જા મોતી - ૪૨

***માયા જો સાથ તાં શરીર જેસીં જીએ***
***પિંઢજો પરછાંઈયો ''તેજ'' ધાર કીં થીએ...***

કવિ તેજના સમ્રગ કાવ્ય સાહિત્યમાંથી પસાર થતાં ઉપર અંકિત કરેલ પંકિત જેવી મર્મ સભર ઘણી પંક્તિઓ મળી આવે... જેવી બે પક્તિંઓ વચ્ચે ગર્ભિત મર્મ છુપાયેલો હોય સાવ સરળ લાગતી પંકિતને ઉકેલતાં વિચાર વલોણાં કરવા પડે અને તે છતાં મર્મના પકડાય....

કવિશ્રી તેજ પાસે પંક્તિનો મર્મ પૂછવા કે તેનાં મૂળ કયાં રોપાયેલા પૂછો તો કહી દે, ''ઈ તાં રચધે રચાઈ વઈ.'' તેમની સાથે થતી ચર્ચા ટુંકાવીને કહેવી હોય તો કાંઈક આવો નિષ્કર્ષ નીકળેઃ

''ચિત્તમેં કવિતાજો બીજ કેડાથી, કડેં અને કઈ રીતે રોપાજેં તો હિન વિશે ચોકકસ ચોણ અધરો આય. મંજથી ઉમળકો ઉપડે તડેં કવિતા સૌજે... કવિજી અખ જીવનજી ગિતવિધિ નિહાંળી શકે, તીંય હેનજા કન સૃષ્ટિજા ધબકારા સુણી સંગેંતા. એટલે આંઉ લેખાંતો એડો દાવો કરતાં કોઈ ક્ષણે પિંઢઈ લેખાઈ વેનેતી ક કોઈક લેખાય તો ઈ ચોણું ભરાભર આય હેન સમ્રગ પ્રક્રિયામેં દાદા પારસનાથજો ચમત્કાર અને આશીર્વાદ અંઈ... મા સરસ્વતી જી ન્યાલ આય.''

''કવિશ્રીએ મોહ અને માયાની વાત ઉપરની પક્તિમાં છેડી છે. મોહ માયાનાં લપેટામાં આપણે એવા લપેટાઈ જઈએ છીએ કે જ્યાં સુધી આપણે જીવતાં હોઈએ ત્યાં સુધી તેમાંથી છુટા પડી શકતાં નથી. એલપેટા આપણી સાથેને સાથે પડછાયાની માફક ભમતાં હોય છે અને મનમાં એ મોહ માયામાં કાંઈક ઓછું આવે તો તણાવ અને દુઃખનુ સર્જન કરે છે.''

''સૌ પ્રથમ તો આપણને આપણી સાથેજ અપરંપાર માયા લાગેલી હોય છે. વર્ષોથી કંઈ કેટલાય ઋષિઓએ, સંતકવિઓએ, સાધુ - સાધ્વીઓ એ માયા ત્યજી સુખરૂપ જીવવા શિખામણો આપી છે. પણ માયાનાં બાહુપાશમાંથી છુટાતું નથી. કવિશ્રી અખાની રચના યાદ આવી જાય. : ***હું કરું... હું કરું.... એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે!!''***

''જિવણમાં આગળ વધતાં કુટુંબીજનો સાથે, મિત્રો સાથે, વ્યસનો સાથે માયા બંધાતી જાય છે. માયાદેવી પોતાના પાલવમાં એવો લપેટી લે છે કે આપણે સાચું - ખોટું વિચારી શકતા નથી.

કવિશ્રી તેથી ઉપરોક્ત પંક્તિ દ્વારા માયા દેવીથી જરા હટકે રહેવાનું કહી, તેનો આંચળો ઉતારી વિવેક બુધ્ધિ દ્વારા જીવનમેં સુખમય પસાર કરવા મોઘમે ઈશારો કરે છે.

કૃષ્ણ ઘેલી મીરાંપણ માયા લગાડવાની વાત કરે છે પણ પોતાની જાતને ઓગાળી... કૃષ્ણમય બનવાની... આવો એમની એ પંક્તિઓ મમળાવીએઃ ***મુખડાની માય લાગી રે, મોહન પ્યારા..***

### અલવિદા ..... સચિન!

*સચિન તું છે એક ક્રિકેટર મહાન,*
*વિશ્વમાં ઉજાળ્યું તે ભારત દેશનું નામ.*

*કેટલાંય વિજયોનો બન્યો શિલ્પકાર,*
*છતાંય સ્વભાવે ના જરાય અહંકાર.*

*ચોવીસ વરસની એકધારી રમત દરમ્યાન,*
*સદી સમ્રાટ તેં રચ્યા અનેક નવા કિર્તીમાન.*

*આબાલ - વૃધ્ધજન સૌની મેળવી ચાહના,*
*વિદાય વેળાએ પણ કરી તે પીચવંદના.*

*અર્પણ કરી તને ભારતરત્ન પુરસ્કાર,*
*સરકારે પણ કર્યું **માસ્ટર બ્લાસ્ટર**નું સન્માન.*

*હવે રહેશે તારા વિના સુના મેદાન,*
*પણ રહેશે સૌના હૃદયમાં સદા તારું સ્થાન.*

*અલવિદા..... તને સો સો સલામ...!!!*

**-જ્ઞાનેશ લાપસીયા**


શુભેચ્છા સહ...

**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**

**UK KHIMJI & CO.**

**144, Vasant Market Yard, 4th Lane, Sangli**
**MH - 416 416 Tel.: 2670910 / 2322057**

શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**
**(રંગપુર-કોઇમ્બતુર)**

## પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### નલીનપુર નારી નિગમ

નલીનપુર નારી નિગમ સંસ્થાના ઉપક્રમે તા. ૫-૧૦-૨૦૧૩ના સારસ્વતવાડી મુલુંડમાં વેપાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહેનો દ્વારા કરવામાં આવતા નાવીન્યપુર્ણ વિવિધ વસ્તુઓનાં સ્ટોલ રાખવામાં આવ્યા હતા.

શેઠશ્રી નરસીનાથા કુટુંબનાં વશજ એવા શ્રી દીલીપભાઈ નાગડા અને નલીયાના આગેવાન સમીરભાઈ લક્ષ્મીચંદ નાગડાએ મેળાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ગુર્જરમાતના શ્રી જયંતભાઈ છેડા, શ્રી ક.દ.ઓ. જૈન મહાજન - નલિયા, શ્રી નરસીનાથા ચેરીટેબલ ટ્રસ્ટ - નલિયા અને શ્રી નલિયાવાસી ડોંબીવલી મિત્ર મંડળના પ્રતિનિધિઓએ પધારીને બહેનોનો ઉત્સાહ વધાર્યો હતો.

અન્ય વિવિધ મહિલા મંડળના આમંત્રિત પ્રતિનિધિઓએ પણ સ્ટોલની મુલાકાત લઈને બહેનોને પ્રોત્સાહન પૂરૂં પાડયું હતું. શ્રી વિજયાબાઈ વર્ધમાન ખોના અને શ્રી અનિલભાઈ લક્ષ્મીચંદ ખોના તરફથી આર્થિક સહયોગ મળ્યો હતો.

### શ્રી ભગવતી મહાકાલી મંડળ, હુબલી યોજિન હરીફાઈઓ

મંડળ યોજીલ વિવિધ હરીફાઈઓનાં પરીણામો તથા અન્ય ઈનામો અને બહુમાન મેળવનારા નીચે પ્રમાણે છે.

૧. રંગ પુરો હરીફાઈ (૫થી ૧૦વર્ષ) પ્રથમ: આદિત્ય દેવાંગ મોમાયા દ્વિતીય: દેવ નીલેશ શાહ (૧૧થી ૧૯ વર્ષ) પ્રથમ : સન્મિત ઉદય મૈશેરી દ્વિતીય : ભાવિકા બકુલ શાહ

૨. માતાજી પર સ્વરચિત ગીત ગાવું : સૌ. ચેતના નરેન્દ્ર મોમાયા તથા સૌ. કાશ્મીરા પ્રદીપ પટેલ.

૩. ઘરેથી આરતીનો થાળ સજાવી લાવવો : પ્રથમ : સૌ. હેમલતા જયદીપ મોમાયા, દ્વીતીય : સૌ. પ્રિતી બકુલ નાગડા.

૪. પ્રશ્ન પત્ર : પ્રથમ સૌ. હેતલ હીરેન છેડા દ્વિતીય સૌ. કાશ્મીરા પ્રદીપ પટેલ તૃતીય સૌ. રશ્મિ મુનવર તથા સૌ. આરતી ખોના.

૫. મનગમતી વેશભુષા : પ્રથમ આદિત્ય દેવાંગ મોમાયા, દ્વિતીય : પ્રથમ બકુલ નાગડા તૃતીય : હેમ પ્રદીપ શાહ.

૬. નવદુર્ગા ગ્રુપ : નવદેવીઓનું રૂપ ધારણ કરી રાક્ષસનો વધ કરતી નૃત્ય નાટિકા રજુ કરનાર બાલિકાઓને સંઘના ભાઈ-બહેનો તરફથી રૂા. ૪૦૦૦/-નું બહુમાન પુરસ્કાર આપવામાં આવ્યો.

૭. ગણિત ગમ્મત પ્રશ્નપત્ર : પ્રથમ સૌ. પ્રિતી નિલેશ શાહ, આશ્વાસન ઈનામો: કૈલાસ મુનવર, પ્રદીપ પટેલ, નીરવ શરદ મોમાયા, ખુશબુ પ્રદીપ પટેલ.

૮. દરરોજ માતાજીને ચુંદડી ચઢાવવાની સેવા આપનાર : સૌ. બિન્દી સચીન મૈશેરી, સૌ. મેઘના સંકેત શાહ (હાલોલ), પ્રાચી મિલન ધરમશી.

૯. કાર્યકર ભાઈઓ : બીપીન ખીમજી મોમાયા, ભાવીન ભરત ખોના, અનિલ ગંગાજર લોડાયાનું બહુમાન કરવામાં આવેલ.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

માસ્ટર - બ્લાસ્ટર સચિન તેંડુલકરે દેશ-વિદેશમાં સૌને ગમે તેવી ૨૪ વર્ષની લાંબી સફળ ક્રિકેટ કેરીઅર પછી વિદાય લેતાં જે વિનમ્રતા દાખવી પીચ અને જનતા તથા મિત્રોઅને કુટુંબનો આભાર માન્યો તેવી વિનમ્રતા આપણામાં પણ પ્રગટે એમ ઈચ્છીએ.
- તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND

૧૦. વિશેષમાં : ૧૨.૧૦.૧૩ના રસિક મહારાજ પ્રસ્તુત નોન સ્ટોપ કોમેડી ફિલ્મ 'પેનુજી કમાલ, વહુજી ધમાલ'નો શો રાખવામાં આવેલ ૧૩-૧૦-૧૩ના આભાર વિધિ બાદ કચ્છી ગરબો ગજીઓ અર્પણ કરી બહુમાન કરાયલે સૌ. વિમલાબેન ચંદ્રકાંત ધરમશી તરફથી અલ્પાહારાની વ્યવસ્થા કરવામાં આવી.

પર્વ દરમ્યાન ગુલાબચંદ શામજી ખોના પરિવારના સુપુત્રો મનીતભાઈ તથા જયેશભાઈ, નરેન્દ્ર નરસી મોમાયાના સુપુત્રો બીજોયભાઈ તથા બિનોયભાઈએ સતત સેવાઓ આપી હતી. કચ્છી રેસ્ટોરાં રસોઈના સૌ. સભ્યોએ પણ સુંદર સહકાર આપેલ.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલય નિધિ ટ્રસ્ટ (ચાલીસગામ)

શ્રી પદ્મમુક્તિ વાત્સલય નિધિ ટ્રસ્ટ (ચાલીસગામ) ને જીતેન્દ્રભાઈ શામજી ઝવેરીના હસ્તે કાયમી ફંડ મળેલ છે જેનો ઉપયોગ ટ્રસ્ટ સાધર્મિક કાર્યો માટે વાપરવામાં આવે છે. ટ્રસ્ટે તેમને સાધર્મિક રત્નનો ખિતાબ આપેલ છે. આ ફંડ માતુશ્રી બાંયાબાઈ ભવાનજી શીવજી ઝવેરી પરિવાર હસ્તે શ્રી જીતેન્દ્રભાઈ શામજી ભવાનજી ઝવેરી અમદાવાદ જખૌ નામે કાર્યરત છે.

## સાંધવ ગામનું સ્નેહ મિલન

સાંધવ ગામનું સ્નેહમિલન તા. ૨૯-૧૦-૧૩ના સવારના અનંતસિદ્ધિ એસી હોલમાં રાખવામાં આવેલ, સાંધવવાસીઓ અને નિયાણી બહેનો ૨૫૦ની સંખ્યામાં હાજર રહેલ. પ.પૂ. સાધ્વીશ્રીજી કનક ગુણાશ્રી મ.સા. એ માંગલિક સંભળાવેલ, દીપ પ્રગટવા ટ્રસ્ટીગણ તેમજ કલ્પેશ લોડાયા, શરદ લોડાયા હસ્તે પ્રગટાવવામાં આવેલ. મંચ ઉપર વડીલશ્રી માતુશ્રી કાંન્તાબાઈ મુરજી લોડાયા અને અતિથીગૃહના દાતાશ્રી શ્રીમતી દમયંતીબેન ચાંપશી લોડાયા, ભોજન શાળા દાતાશ્રી કલ્પનાબેન શામજી નરશી દંડ તેમજ ટ્રસ્ટીગણ બિરાજમાન હતા.

નવકાર મહામંત્રથી કાર્યક્રમ શરુ કરવામાં આવેલ. મંચ ઉપરનો પ્રોગ્રામ હિરલ ઝવેરચંદ ખોના, વિપુલ પટેલ, પ્રવીણા મોતાએ સંભાળેલ.

૨૦ વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન, ચાર્તુમાસ દરમિયાન સાંધવ ગામે આરાધના કરેલ તે, પર્વ દરમિયાન નાની મોટી તપસ્યાઓ કરેલ તે, સાંધવ ગામમાં થઈ રહેલ વિકાસના કાર્યો જલદી પુર્ણ થાય તે માટે સાંકળી એકાસણા કરતા ભાગ્યશાળીઓનું, ટ્રેનમાં ચા - પાણી - નાસ્તા કરાવનાર દાતાશ્રી, પર્વ દરમિયાન તેમજ ટ્રેનમાં ચૌવિહારના દાતાશ્રી, ગાંધીધામથી - સાંધવથી ભુજ આવતા - જતા પંચતિર્થી કરાવનાર દાતાશ્રી તેમજ ચાર્તુમાસ કરાવનાર દાતાશ્રી, તેમજ, પર્વ દરિમયાન સાર્ધમિક ભક્તિ કરાવનાર દાતાશ્રી, ટ્રેનની આવતા જતા ટીકીટના દાતાશ્રીઓનું, ભોજશાળા - અતિથીગૃહના દાતાશ્રી, અઢાર અભિષેક કરાવનાર દાતાશ્રીઓનું દાતા પરિવાર તરફથી બહુમાન કરવામાં આવેલ.

સમીર શામજી દંડ તથા અભય સોમચંદ શાહ, ૨૦ વર્ષથી મહાજનમાં સેવા આપનાર ચંદ્રકાંત હિરાચંદ મુનવર - કોઠારા એમ્બ્યુલન્સની સેવા આપનાર ગુલાબ નવીન મોતા - કોઠારાનું પણ બહુમાન કરવામાં આવેલ.

પર્વ દરમિયાનનો એહવાલ, ઉદઘાટન સમયના ફોટાઓ ઝલકની સ્મરણિકા વિમોચન મુલજી માણેકજી લોડાયાના હસ્તે કરવામાં આવેલ. પ્રમુખ શામજીભાઈ દંડે સર્વે શ્રી આવનાર તથા સાથ સહકાર આપનાર, ભોજન શાળા અને અતિથીગૃહના દાતાશ્રી તેમજ નિભાવ ફંડના દાતાશ્રીઓનો આભાર માનેલ.

**સ્નેહમિલન દાતાશ્રીઓ:** રૂા. ૧૫૦૦૦ નો ફાળો આપનારાઃ શેઠશ્રી મુરજી રાઘવજી લોડાયા (દાદર) ૨. શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા) ૩. શેઠશ્રી શામજી નરશી દંડ (મુલુંડ)

રૂા. ૫૦૦૦ નો ફાળો આપનારાઃ ૧. શ્રી મુલજી માણેકજી લોડાયા (ઘાટકોપર) ૨. નવિન માણેકજી લોડાયા (થાણા) ૩. પ્રવીણ માણેકજી લોડાયા (થાણા)

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

૪. પ્રકાશ માણેકજી લોડાયા (થાણા) ૫. નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા (મુલુંડ) ૬. માણેકજી મેઘજી લોડાયા - હસ્તે જયેશ (મુલુંડ) ૭. ઠાકરશી લાલજી પટેલ (મુલુંડ) ૮. જમકુબાઈ લાલજી પટેલ (મુલુંડ) ૯. માતુશ્રી ખેતબાઈ સોમચંદ લોડાયા (ડોમ્બીવલી) ૧૦. મણીબાઈ કુંવરજી મોતા (ડોમ્બીવલી) ૧૧. શ્રી ભવાનજી રાઘવજી લોડાયા (મુલુંડ) ૧૨. માતુશ્રી દમયંતિબાઈ હંસરાજ દંડ (મુલુંડ) ૧૩. વિમલાબાઈ ખીમજી દંડ (વાપી). ૧૪. શ્રી સોમચંદ વિસનજી દંડ (કાંજુરમાર્ગ) ૧૫. શ્રી રાયચંદ નરશી દંડ (મુંબઈ) ૧૫. શ્રી રસિક દેવરાજ લોડાયા (મુલુંડ)

## કોઈમ્બતુરથી કલિકટ છઃ રિપાલિત પદયાત્રા

ક.દ.ઓ. ઓગેવાનો તથા સંસ્થાઓના પ્રતિનિધીઓવાળી શ્રી કોઈમ્બતુરથી કલિકટ પદયાત્રા સમિતિના નેજામાં છ'રિપાલિત સંઘે તા. ૨૩-૧૧-૧૩ ના કોઈમ્બતુરથી તા. ૫-૧૨-૧૩ના કલકુંડ (કલિકટ) તિર્થ પોહોંચવા તથા તા. ૯-૧૨-૧૯ના તીર્થમાલાનું આયોજન કર્યું છે.

આ આયોજનમાં શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્બતુર તથા શ્રી કચ્છી દશા ઓસવાલ યુથ ફોરમ વિશેષ સહયોગ આપી રહ્યા છે.

## શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ - ગાંધીધામ

શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ ભારતનગર ગાંધીધામ દ્વારા તા. ૯-૧૧-૨૦૧૩ રાત્રે શ્રી જીરાવલ્લા ઉપાશ્રય ભારતનગર મધ્યે શ્રી મહાકાળી માતાજીની ભાવના પુષ્પાબેન ઉમરશીભાઈ લાલકા, ગાંધીધામ - વારાપધરવાલાના પૌત્ર કાવ્ય મનીષભાઈના જન્મદિને નિમિત્તે રાખેલ, ભાવિકોએ સારી સંખ્યા લાભ લીધેલ.

એજ પરિવાર તરફથી ૩ ડ્રો હતા. ભાવનામાં અખીલ, ઉદયભાઈ, લીતેશભાઈ, જયંતભાઈ, જીતેન્દ્રભાઈ, શામજીભાઈ તથા હર્ષાબેન, લતાબેન, દામિની, અંજલિ, મીનાબેન લોડાયા, પ્રેમિલાબેન નાગડા, તરલાબેન, નિતલબેનએ સારી એવી રમઝટ જમાવેલ.



## શ્રી નાંદેડ શ્વેતાંબર મુર્તીપુજક જૈન સંઘ જિનાલય ઉપાશ્રય લોકાર્પણ

નાંદેડ નગરે શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જિનાલય ઉપાશ્રય ભવનનું નવ નિર્માણ કાર્ય નિર્વિઘ્ને સહુનાં સાથ સહકાર સાથે પુર્ણ થયેલ છે. જેમાં ધર્મ આરાધના હોલ, વિવિધ લક્ષ્મી હોલ, જિનાલય પ્રવેશ દ્વાર, જિનાલય પ્રવેશ માર્ગ, કાર્યાલય, લીફ્ટ, રસોઈ ઘર તથા યાત્રિકો માટે રૂમો વગેરેનું નિર્માણ કાર્ય પૂર્ણ થયેલ છે.

તે નિમિત્તે રવિવાર, તા. ૨૪-૧૧-૨૦૧૩ કારતક વદ ૭ ના આ ભવ્ય સંકુલના દાતાઓનું બહુમાન તથા તકતીઓની અનાવરણ વિધિ તેમજ રૂા. ૧૧૦૦૦/- અથવા તેનાથી વધારે રકમ આપનાર દાતાઓનું બહુમાન પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.નાં શિ.પ.પૂ સંયમગુણાશ્રીજી મ.સા.આદિ ઠાણા ૪ ની પાવન નિશ્રામાં યોજાયેલ.

આ કાર્યક્રમ શ્રી મહેંદ્ર દેવજીભાઈ ખોનાના અધ્યક્ષતામાં સંપન્ન થયો. આ વિશેષ અતિથી રૂપે મણિકાંત હીરજીભાઈ ધુલ્લા તથા શા હંસકુમાર દામજીભાઈ મૈશેરી હતા.

૧. ધર્મઆરાધના હોલ : માતુશ્રી લક્ષ્મીબેન ભાણજીભાઈ ખોના પરિવાર ૨. વિવિધ લક્ષ્મી હોલ : લીલાધર ગાંગજીભાઈ લાપસીયા પરિવાર ૩. જિનાલય પ્રવેશ દ્વાર : લોડાયા પરિવાર, જિનાલય પ્રવેશ માર્ગ : સૌ કુલીનકાંત ગોવિંદજીભાઈ નાગડા પરિવાર, કાર્યાલય : માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદભાઈ લાપસીયા પરિવાર, લિફ્ટ : માતુશ્રી ફુલીબાઈ મોતીલાલજી મુનોત પરિવાર, રસોઈ ઘર : શા ગોવિંદજી આણંદજીભાઈ નાગડા પરિવાર, રૂમં નં. ૧ : શા ચીમનલાલ આનંદજી ભાઈ નાગડા પરિવાર, રૂમ નં. ૨ : શા બાલુભાઈ ગોવર્ધનદાસ સુવાણીયા પરિવાર, રૂમ નં. ૩ : માતુશ્રી કસ્તુરીબેન વીરચંદભાઈ શિયાળ પરિવાર, ખનન વિધિ : શા લક્ષ્મીચંદ શામજીભાઈ લાપસિયા પરિવાર.



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**


**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

**નવા/બદલાયેલા સરનામા–** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **અભય કુમાર છેડા** | ૩૦૧, સામ્રાજ્ય - ૨, ગોકુલ વિહાર ઘાટકોપર સ્વીટ્સ પાસે, વાપી ગુજરાત ૩૯૬૧૯૧ |
| **વિજય વી. ધરમશી** | ઘર નં. ૮/૧૨૭, કલાવતી કોટેજ, જૈન સ્ટ્રીટ, વાણિયાવાડ, જુના કસ્ટમ હાઉસ સામે, નાનીદમન, દમણ ૩૯૬૨૧૦ |

**જીવનચક્ર** (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૧૧.૧૩ | વાપી | પાર્શ્વ-રીના/જીગર કિશોર શિયાળ | જખૌ | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૧૧.૧૩ | ગદગ | ડો. પ્રતિક પ્રદિપ સોમચંદ ખોના | બારોઈ | ૨૭ |
| | રાયચુર | ડો. ભાવના રાજેશ ઉમરશી લાપસીયા (દેસાઈ) | રાયચુર | ૨૪ |
| - | વડોદરા | અંકિત લહેરચંદ મૈશેરી | નાની સિંધોડી | ૨૫ |
| | વડાલા | તેજીની હિરાચંદ મોતા | લાખણીયા | ૨૩ |

### આતંર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૧૧.૧૩ | - | જયેશ માવજી મણસી શીવરાજ દેઢીયા | કોટડી મહાદેવ | ૩૫ |
| | - | મિત્તલ શાંતિલાલ મણશી વીરપાર ડાઘા | દલતુંગી | ૩૩ |

### છુટા છેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૧૧.૧૩ | ધુલિયા | પ્રિતેશ વિરચદ સોની | સાયરા | ૩૫ |
| | ઈન્દોર | મોના લહેરચંદ ધરમશી | કોઠારા | ૩૦ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯.૧૧.૧૩ | ધુલિયા | વિરચંદ રામજી દેવશી ધરમશી (ભાટે) | સુથરી | ૭૧ |
| ૧૭.૧૧.૧૩ | ડોંબિવલી | ડુંગરશી શામજી કચરા લાપશીયા | દલતુંગી | ૭૫ |
| ૧૮.૧૧.૧૩ | ડોંબિવલી | ગિરીષ કરમશી પદમશી દંડ | મંજલ | ૬૪ |
| ૧૯.૧૧.૧૩ | ડોંબિવલી | મહેન્દ્ર વિસનજી દામજી મોમાયા | સાંયરા | ૬૩ |
| ૨૦.૧૧.૧૩ | ઘાટકોપર | જયાબેન મોતીલાલ દેવજી લોડાયા | મોટી ખાવડી | ૭૪ |
| ૨૦.૧૧.૧૩ | મુલુંડ | ભોજરાજ ભવાનજી લખમશી નાગડા | રાપર | ૭૫ |

## પર્યાવરણ - માનવ અધિકાર - વરેલા લોકસેવક ગુલાબ ઝવેરચંદ છેડા



કચ્છ સુજાપરના હાલે જુનાગઢ જિલ્લામાં રહેતા શ્રી ગુલાબ ઝવેરચંદ છેડા પર્યાવરણ અને માનવ અધિકાર અંગે મહત્વપુર્ણ યોગદાન આપી રહેલ છે. તઓ ગુજરાત રાજ્યની પર્યાવરણ બચાવ સમિતિના કન્વીનર, ગુજરાત રાજ્ય આર.ટી.આઈ. એકટીવીસ્ટ સંઘઠનના કન્વીનર, ગીર - સોમનાથ તથા જુનાગઢ જિલ્લાના આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર પંચના પ્રમુખ, ગીર સોમનાથ જિલ્લાના ગૌરક્ષા મંડળના પ્રમુખ, નેશન ફર્સ્ટ ફાઉન્ડેશન ગીર સોમનાથ ચેપ્ટરના ઉપ પ્રમુખ તથા ગીર સોમનાથ જિલ્લાનાં સાર્વજનીક સમાધાન પંચના મંત્રી છે.


તમારા જીવનના સર્વે શુભ પ્રસંગમાં
સહભાગી થવા ઉત્સુક
**રિશી ફુડસ એન્ડ સર્વિસ**
સદા સર્વાંગી સેવા કરીને
ધન્યતા અનુભવશે

Rishi Foods
**We Cater all Types of Veg. Cuisine (Maxican - Italian - Burmese etc.)**

**Chintan Shah (Lodaya) :** 9619681919 Tel.: 022- 321 09097
Email : chintan_shah72@yahoo.com
**Office :** Sardar Pratap Singh Industrial Estate No. 3, Shop No. 7, Opp. Panalal Compound, L.B.S. Marg, Bhandup (West) Mumbai - 400 078


## હુબલી પાસે શ્રમણ શ્રમણી વિહાર ધામ

હુબલી થી અઢાર કીલોમીટર દુર હુબલી બેંગલોર રોડપર વરુર પાસે અનીશભાઈ વાલજી હિરજી મોમાયા દ્વારા નિર્મિત્ત શ્રમણ શ્રમણી વિહાર ધામ ઉદઘાટન તા. ૧૪.૧૧.૧૩ના પ.પૂ.સા. શ્રી સમયગુણાશ્રીજી અને પ.પૂ.સા. શ્રી શ્રુતગુણશ્રીજી નિશ્રામાં વિધિકાર શ્રી હર્ષભાઈ દેઢીયાના માર્ગદર્શનમાં સિધ્ધચક્ર પુજન ભણાવીને થયું. આ પ્રસંગે હુબલી - બંકપૂર - ગદગના તેમજ જ્ઞાતિજનો નેસ્લે હાઉસિંગ સોસાયટીના સભ્યો ઉપસ્થિત હતા. તેમના દ્વારા અનીશભાઈનું બહુમાન કરાવામાં આવેલ. સંપર્ક : અનીશભાઈ વાલજી મોમાયા મો. ૯૪૪૮૧૪૧૩૯૬, શ્રીમતી રાજુલબેન ૯૪૪૮૧૩૫૬૮૦

# પ્રથમ માસિક પુણ્યસ્મરણ



## સ્વ. અ.સૌ. રેખા હીમતલાલ લાપસિયા

ગામ : દલતુંગી　　　　હાલ : નાંદેડ (મહારાષ્ટ્ર)

જન્મ : તા.૨૪-૦૭-૧૯૬૭　　　　અરિહંત શરણ : તા.૨૫-૧૦-૨૦૧૩

જીવન એવું જીવી ગયા જે કદી ભૂલાય નહીં,
વિદાય એવી લીધી જે કદી વિસરાય નહીં,
યાદ આવશે તમારો પ્રેમાળ સ્વભાવ સદાય,
યાદ આવશે તમારો મમતામય વાત્સલ્ય સદાય,
હવે કેમ સહેવાસે આપની વસમી વિદાયનો ઘાવ,
સ્મૃતિઓમાં રહેશે સદાય આપના મધુર સંભારણા,
આપનો દિવ્યાત્મા પામે પરમ શાંતિને મોક્ષધામ...

## શ્રદ્ધાંજલી સુમન અર્પણ કરનાર...

સાસુજી : શ્રીમતી લાખબાઈ લીલાધરભાઈ લાપસિયા
જીવનસાથી : શા. હિમતલાલ લીલાધરભાઈ લાપસિયા
જેઠ-જેઠાણી : શા. રમેશ - સૌ.રમીલા, શા. સુભાષ - સૌ.સુમન, શા. વિજય - સૌ.હંસા
દીયર-દેરાણી : શા. પંકજ - સૌ.વિશાખા
પુત્રી : દિશા, નિધી
ભત્રીજા-ભત્રીજી : સૌ.મનિષા નિલેશ દંડ, સૌ.રિંકુ ભાવિન લોડાયા
પિયુષ, નિકુંજ, હર્ષલ, ચિન્મય, નમ્રતા (તમુ), પુજા, વામા
માતા-પિતા : અ.સૌ. સોનબાઈ શામજી શીયાલ - શા. શામજી પેથરાજ શીયાલ
ભાઈ-ભાભી : અ.સૌ. ભાવના બીપીન શીયાલ - શા. બીપીન શામજી શીયાલ
બહેન-બનેવી : અ.સૌ. પ્રવીણા વિજય લોડાયા - શા. વિજય વિસનજી લોડાયા

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ।day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

।। જય જય શ્રી અનંતનાથ ।।

# દિકરા તુલ્ય....
# જમાઈ રાજાને વધામણા !!
# ઓસ્ટ્રેલીયામાં...



ચિ. મયુર વિનોદ ધુલ્લા

ઊચ્ચ અભ્યાસ અર્થે દેશ - વિદેશના અનેક વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલીયા ભણવા જાય છે, જેમાં મોટી સંખ્યામાં ભારતીયો શામેલ હોય છે.

Australian Government એ પ્રમોશન અને નોલેજ હેતુ પોતાની વેબ સાઈટ www. studyinaustrialia.gov.au પર ઓસ્ટ્રેલીયામાં ભણી રહેલા અને ભણી ચુકેલા લાખો વિદ્યાર્થીઓમાંથી પસંદગીના ચુનંદા ઓજસ્વી તારલાના અભિપ્રાય - અનુભવની સ્ટુડન્ટ સ્ટોરી મુકી છે. જેમની સ્ટુડન્ટ સ્ટોરી મુકાઈ છે તેમાંથી ભારતીયો તો માત્ર ૩ થી ૪ જ છે. જૈનો કે કે.ડી.ઓ.ની તો વાત કરીએ તો, સદભાગ્યે એકમાત્ર ચિ. મયુર ધુલ્લા Master of International Business પોતાની વિશેષ રજુઆત અને વિશેષતાઓથી આ સ્થાન મેળવવા, ભાગ્યશાળી નીવડ્યા છે.

આવા અનોખા - અદ્વિતીય ગૌરવ બદલ
અભિનંદનના ઓવારણા અને શુભાશિષ.
- માતુશ્રી પ્રેમીલાબેન મેગજી પદમશી મોતા પરિવાર
વારાપધર - મુલુંડ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com



પાયલ રાજેશ લોડાયા
સાંયરા - હાવેરી

આમજ વિસ્તરતી રહે તારી કારકિર્દીની ક્ષિતીજો ....

ચિ. પાયલ B.E. Biotech પાસ કરીને COGNIGANT કંપની - બેંગલોરમાં સિનીયર પ્રોગ્રામ એનાલિસ્ટ તરીકે ઉચ્ચ પદવી મેળવી તે બદલ તેને અભિનંદન સાથે ઉજ્જવળ કારકિર્દીની શુભકામના....

**શુભાશિષ**

દાદાણા : સોમચંદ માણેકજી લોડાયા પરિવાર - હાવેરી
નાનાણા : હીરજી પાશ્વીર દંડ પરિવાર હાલ કલીકટ
માતા-પિતા : સૌ. અમિતા રાજેશ લોડાયા
ભાઈ : તેજસ રાજેશ લોડાયા
સંપર્ક : 09448232120

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI (Owner)** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**